

# પરિષદવૃત્ત

**સંકલન : અનિલા દલાલ**

૧. તા. ૨૫-૬-૨૦૦૮ – કવિલોક ટ્રસ્ટની શતાબ્દી નિમિત્તે પરિષદ- ભવનમાં કાવ્ય-પઠન, આસ્વાદનો કાર્યક્રમ થયો. કવિશ્રી ચંદ્રકાન્ત શેઠે કવિ સુન્દરમ્‌ની કવિતા પર મનનીય પ્રવચન કર્યું. કવિ સુન્દરમ્‌ની પણ જન્મશતાબ્દીનું વર્ષ છે – કવિનાં કાવ્યોનાં શ્રવણથી શ્રોતાઓએ ખૂબ આનંદ અનુભવ્યો. શ્રી ધીરુ પરીખે કાર્યક્રમની ભૂમિકા આપી, અને અંતે આભારવિધિ થઈ.

૨. પરિષદ સંચાલિત રવીન્દ્રભવનના ઉપક્રમે તા. ૨-૭-૨૦૦૮ના રોજ શ્રી અનિલા દલાલે રવીન્દ્રનાથનાં બે નાટકો પર વક્તવ્ય આપ્યું : 'વાલ્મીકિ પ્રતિભા' અને 'પ્રકૃતિર પ્રતિશોધ.' તેમણે આરંભમાં કવિ રવીન્દ્રનાથની નાટ્યપ્રવૃત્તિની ટૂંકમાં રૂપરેખા આપી નાટકકાર રવીન્દ્રનાથને બિરદાવ્યા. પછી રવીન્દ્રનાથના આ આરંભનાં નાટકોની વાત કરી તેમાં રહેલા મર્મને ખોલી આપ્યો અને બતાવ્યું કે કેવી રીતે પછીનાં નાટકોનાં બીજ અહીં જોવા મળે છે.

૩. ગુજરાત કેળવણી પરિષદ અને સહયોગી સંસ્થાઓ – ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુજરાતી વિશ્વકોશ, ગુજરાત વિદ્યાપીઠ, ગુજરાતીનો અધ્યાપક સંઘ – ના સંયુક્ત ઉપક્રમે તા. ૩-૭-૨૦૦૮ના રોજ પરિષદ ભવનમાં શ્રી નારાયણ દેસાઈના અધ્યક્ષ સ્થાને માતૃભાષાના શિક્ષણની નબળી થતી સ્થિતિમાં તેમાં સુધારણા માટે વિચારણા કરી સક્રિય થવા એક સભાનું આયોજન થયું. તેમાં માતૃભાષાના શિક્ષણની પુનઃ પ્રતિષ્ઠા માટે શિક્ષણતંત્રમાં કરવા યોગ્ય પ્રયત્નો, માતૃભાષાને સશક્ત કરવાના ઉપાયો – તાલીમ, પ્રશિક્ષણ, સંગઠન, વ્યાપ – અને માતૃભાષાના સાહિત્ય માટે પ્રેમ કેળવવાના ઉપાયો રૂપે રુચિઘડતર, વાલીજાગૃતિ, શિબિરો, પરીક્ષાઓ વગેરે વિશે જૂથચર્ચાઓ થઈ. પછી એ ચર્ચાઓનાં તારણોની રજૂઆત સામાન્ય સભામાં કરવામાં આવી, સૌએ પોતાના વિચારો રજૂ કર્યા.

૪. ૫-૭-૨૦૦૮થી તા. ૧૧-૭-૨૦૦૮ દરમ્યાન પરિષદ દ્વારા સાહિત્ય-યાત્રાનું આયોજન કરવામાં આવ્યું, અને સૌરાષ્ટ્રનાં જુદાં જુદાં સ્થળોએ – અમરેલી, જૂનાગઢ, પોરબંદર, જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર અને ભાવનગર – ઘણી સાહિત્યિક સંસ્થાઓ તેમજ શૈક્ષણિક સંસ્થાઓ સાથે વાર્તાલાપો, ચર્ચાઓ યોજાયાં. આરંભનાં ત્રણ સ્થળોએ પરિષદપ્રમુખશ્રી નારાયણ દેસાઈ ઉપસ્થિત રહ્યા અને સભાઓમાં સંશોધન, વક્તવ્ય, સંગોષ્ઠિનાં આયોજન થયાં. એક અપૂર્વ અવસર બની રહ્યો. આપણી ભાષા-સાહિત્યના ચાહકોનો ઉલ્લાસ અનેરો હતો.

૫. એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિના ઉપક્રમે આ વર્ષે નિબંધ-સ્પર્ધાનું આયોજન થયું છે તે નિમિત્તે લેખિકાઓ અને બહેનોનું એક મિલન તા. ૧૭-૭-૨૦૦૮ના રોજ ગોવર્ધન સ્મૃતિમંદિરમાં યોજાયું. શ્રી રમેશ ર. દવેએ ઉપસ્થિત બહેનોને નિબંધ વિશે, જુદી જુદી રીતના – પ્રકારના નિબંધ વિશે સમજણ આપી, ઉદાહરણોથી વાત સ્પષ્ટ કરતા ગયા જેથી લખનારને નિબંધ-લેખનમાં માર્ગદર્શન મળ્યું. પછી વીસેક મિનિટ માટે નાના સ્વરૂપે Workshop જેવું રાખ્યું, જેમાં દરેકે આપેલા વિષયોમાંથી એક વિષય પર સ્વરૂપને અનુરૂપ લેખન કરવાનું હતું. બધાંને આ સીધી અભિવ્યક્તિ કરવાનો અનુભવ ઉપકારક નીવડ્યો. ફરીથી તા. ૩૧-૭-૦૮ની સાંજે મળવાનું બધાએ નક્કી કર્યું છે. (સ્પર્ધા માટે 'નિબંધ' પરિષદની ઑફિસમાં મોકલવાની છેલ્લી તારીખ ૩૧-૮-૨૦૦૮ છે – જુલાઈ '૦૮ના 'પરબ'માં વિગતો આપેલી છે.)

### 'ભગવદ્ગોમંડલ'ની ભેટ

ગુજરાતી સાહિત્ય પરિષદના આજીવન સભ્ય શ્રી જયંતીલાલ નાયી તરફથી પરિષદના ચી. મં. ગ્રંથાલયને રૂ. દસ હજારની કિંમતના ભગવદ્ગોમંડલના નવ ભાગની ભેટ મળી છે. આ માટે પરિષદ વતી શ્રી જયંતીભાઈ માટે કૃતજ્ઞતાની લાગણી પ્રગટ કરીએ છીએ.

**– મંત્રીઓ**

### મુંબઈના સમાચાર

ગુજરાતી સાહિત્ય પરિષદ અને પ્રગતિ મિત્રમંડળ, મુંબઈના સંયુક્ત ઉપક્રમે તા. ૩૧-૮-૦૮ના રોજ સાંજે ૫.૦૦ વાગ્યે પાચોલિયા સભાગૃહ, સરદાર વલ્લભભાઈ પટેલ હાઈસ્કૂલ, કાંદીવલી (વેસ્ટ) મુંબઈમાં કવિસંમેલન યોજવામાં આવ્યું છે.

કવિસંમેલનમાં શ્રી દિલીપ ઝવેરી, હેમેન શાહ, ઉદયન ઠક્કર, આશા પુરોહિત, વિવેક કાણે, હિતેન આનંદપરા, ઉર્વશી પંડ્યા, મુકેશ જોષી વગેરે કવિઓ ભાગ લેશે. બાળ કલાકારો વેણીભાઈ પુરોહિત અને બાલમુકુન્દ દવેની રચનાઓ રજૂ કરશે.

♦

### દરિયાપારના સાહિત્યકારો માટે 'ગુજરાત દર્પણ પારિતોષિક'

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા દરિયાપારના સાહિત્યકારો માટે વર્ષ ૨૦૦૫-૨૦૦૬-૨૦૦૭ દરમ્યાન પ્રકાશિત શ્રેષ્ઠ નવલકથાને 'ગુજરાત દર્પણ પારિતોષિક' એનાયત કરવામાં આવશે. આથી દરિયાપારના સાહિત્યકારોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ તેમની આ સમયગાળામાં પ્રકાશિત નવલકથાની એક-એક નકલ, તા. ૩૦મી ઑગસ્ટ સુધીમાં ગુજરાતી સાહિત્ય પરિષદને મોકલી આપવી અને એક નકલ ગુજરાત દર્પણને મોકલી આપવી.

| | |
|---|---|
| ૧. ગુજરાતી સાહિત્ય પરિષદ | ૨. ગુજરાત દર્પણ (પારિતોષિક) |
| ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, | સુભાષ શાહ, ૧૧૮૮, ગ્રીન સ્ટ્રીટ, |
| અમદાવાદ ૩૮૦૦૦૯ (ભારત) | ઈઝેલીન, N.J. ૦૮૮૩૦ (U.S.A.) |

**– ભારતી ર. દવે** (પ્રકાશનમંત્રી)

### જયન્તિ દલાલ સ્મૃતિ સંધ્યા

જયન્તિ દલાલ સ્મૃતિ સંધ્યા નિમિત્તે રવિવાર તા. ૨૪ ઑગસ્ટના રોજ સાંજે છ વાગ્યે ગુજરાતી સાહિત્ય પરિષદના રા. વિ. પાઠક સભાગૃહમાં શ્રી પ્રવીણ પંડ્યા સાંપ્રત સંદર્ભમાં જયન્તિ દલાલના લેખન પર આધારિત 'બંદાના બોલ' (નાટ્યાત્મક પ્રસ્તુતિ) રજૂ કરશે.

❒